**ક્રમાંક–૧૭**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**શુક્રવાર, તા. ૨૬મી જુલાઇ, ૨૦૧૯**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

૧. **કૃષિ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)**

માનનીય કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુએ કૃષિ યાંત્રીકરણથી આધુનિક ખેતી પદ્ધતિ માટે ખેત ઓજારો/સાધનોની નાણાકીય સહાયમાં વધારો કરવા અંગનું નિયમ–૪૪ હેઠળનું નિવેદન વાંચીને કર્યું.

૨. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

(૧) (ક) ગુજરાત સરકારના સન ૨૦૧૭–૧૮ના વર્ષના નાણાકીય હિસાબો (ભાગ–૧ અને ભાગ–૨)(અંગ્રેજી અને ગુજરાતી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૧૭–૧૮ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી અને ગુજરાતી)

(ગ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૭–૧૮ના વર્ષનો ઓડિટ અહેવાલ (રાજયની નાણાકીય પરિસ્થિતિ) (અંગ્રેજી તથા ગુજરાતી)

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૨) રાજ્ય સરકાર દ્વારા નિમવામાં આવેલ જસ્ટિસ (નિવૃત્ત) એ.એલ.દવે તપાસપંચનો અહેવાલ તથા આ અહેવાલ પર લીધેલાં પગલાંની વિગતો

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૩) રાજ્ય સરકાર દ્વારા નિમવામાં આવેલ જસ્ટિસ (નિવૃત્ત) ડી.કે.ત્રિવેદી તપાસપંચનો અહેવાલ તથા આ અહેવાલ પર લીધેલાં પગલાંની વિગતો

**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૪) તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્નોત્તરીમાં તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૧૯૪૦૪ (અગ્રતા–૧૮) ના જવાબમાં સુધારા અંગેનું સ્પષ્ટીકરણાત્મક નિવેદન

**માનનીય પશુપાલન મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

૩. **સરકારી વિધેયકો**

(૧) માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૧૯નું ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી બ્રિજેશ મેરજા
(૩) શ્રી બળદેવજી ઠાકોર
(૪) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૫) ડો.અનિલ જોષિયારા
(૬) શ્રી અમિત ચાવડા

**વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦**

(૭) શ્રી કનુભાઇ પટેલ
(૮) શ્રી પુંજાભાઇ વંશ
(૯) શ્રી સુખરામભાઇ રાઠવા
(૧૦) શ્રી પ્રવિણભાઇ મારૂ
(૧૧) શ્રી ગોવિંદભાઇ પટેલ
(૧૨) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૧૩) શ્રી હર્ષદકુમાર રીબડીયા
(૧૪) શ્રી પરેશ ધાનાણી(વિરોધપક્ષના નેતાશ્રી)

સભ્યશ્રી પરેશભાઇ ધાનાણીએ વિધેયક પર પોતાના વિચારો રજૂ કરી વિધેયક પરત ખેંચી લેવા અથવા તો પ્રવર સમિતિને સોંપવા માટે માનનીય અધ્યક્ષશ્રીને રજૂઆત કરી.

માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે ચર્ચાનો જવાબ આપવાની શરૂઆત કરતાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ તેમને વિધેયક પરત ખેંચવાનો આગ્રહ કર્યો.

વિરોધપક્ષના સભ્યશ્રીઓએ સૂત્રોચ્ચાર કરી વિધેયક પરત ખેંચવાનો સતત આગ્રહ રાખતાં માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે પોતાને વિધેયક ઉપર દસ મિનિટ સાંભળવાની વિરોધપક્ષના નેતા તથા સભ્યશ્રી શૈલેષભાઇ પરમારને વિનંતી કરતાં તેઓએ તેનો સ્વીકાર કર્યો. માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ

વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી તથા સભ્યશ્રી શૈલેષભાઇ પરમારનો આભાર માની વિધેયક પરનો જવાબ આપવાની શરૂઆત કરી.

૪. **સભાત્યાગ**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ તેમના પ્રવચનના થોડાક અંશો સાંભળી તેમને સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક પરત ખેંચવાનો આગ્રહ રાખ્યો. જેનો માનનીય ઊર્જા મંત્રીશ્રીએ ઇન્કાર કરતાં વિરોધપક્ષના નેતાશ્રી તથા કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતાં કરતાં સભાત્યાગ કરી ગયા.

૫. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે તેમનો અધૂરો રહેલ ચર્ચાનો જવાબ પૂરો કર્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૬. **સભાગૃહનો સમય લંબાવવા અંગે**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ, આજના કામકાજની યાદીમાં દર્શાવેલ તમામ વિધેયક પર ચર્ચા થાય અને તે પસાર ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જેનો સ્વીકાર થતા તદાનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય લંબાવ્યો.

૭. **પોઇન્ટ ઓફ ઓર્ડર**

**વિધેયક–૨૪માં સુધારા દાખલ કરવા બાબત.**

(૨) માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૪– સન ૨૦૧૯નું ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) વિધેયક દાખલ કરતા હતા, ત્યારે માનનીય સભ્યશ્રી ડો.સી.જે.ચાવડાએ વિધેયક–૨૪ પ્રસિદ્ધ થયા બાદ સુધારા દાખલ કરવાની બાબતનો વિરોધ કરતો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતાં માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ સુધારા દાખલ કરવામાં નહીં આવે તેમ જણાવી સુધારા પરત ખેંચી લેતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી ડો.સી.જે.ચાવડાનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો રહેતો નથી તેમ જણાવ્યું.

૮. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

(૨) માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૪– સન ૨૦૧૯નું ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કરવાનું શરૂ કર્યું.

**વિરામ સમય : બપોરના ૧૪.૩૦ થી ૧૫.૧૫**

વિરામ બાદ માનનીય મંત્રીશ્રીએ પોતાનું અધૂરું વકતવ્ય પૂર્ણ કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૩) શ્રી બ્રિજેશ મેરજા
(૪) ડો. સી.જે.ચાવડા
(૫) શ્રી બળદેવજી ઠાકોર
(૬) શ્રી કીરીટકુમાર પટેલ
(૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ
(૮) શ્રી હિંમતસિંહ પટેલ
(૯) શ્રી ઇમરાન ખેડાવાલા
(૧૦) શ્રી કનુભાઇ બારૈયા

૯. **પોઇન્ટ ઓફ કલેરીફિકેશન**

**૧૯૮૨ના મુળ કાયદામાં સુધારા બાબત**

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે વિધેયક ક્રમાંક–૨૪ના સંદર્ભે આ મૂળ કાયદો ૧૯૮૨નો છે અને તે ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીએ દાખલ કરેલ હતો તેમ કહી પોઇન્ટ ઓફ કલેરીફિકેશનનો મુદ્દો ઉપસ્થિત કરતાં સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે આ કાયદો અત્યારે અમલમાં હોય તો આ નવો કાયદો શા માટે ગૃહમાં લાવવામાં આવ્યો તેમ રજૂઆત કરી. વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ પણ આ કાયદો અમલમાં છે કે કેમ તેવી પૃચ્છા કરતાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે કાયદો જ્યાં સુધી રદ ન થાય ત્યાં સુધી તે અમલમાં જ ગણાય તેવું મંતવ્ય વ્યક્ત કર્યું.

૧૦.    **સરકારી વિધેયકો(ક્રમશઃ)**

(૧૧) શ્રી લલીત કગથરા
(૧૨) શ્રી પુંજાભાઇ વંશ
(૧૩) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૧૪) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા
(૧૫) શ્રી રાજેશભાઇ ગોહિલ
(૧૬) શ્રી પ્રવિણભાઇ મારૂ
(૧૭) શ્રી નિરંજન પટેલ

ચર્ચાનો જવાબ માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૨૭, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૨૭, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૧૯નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ અને નગરરચના કાયદા (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૨) શ્રી બ્રિજેશ મેરજા
(૩) શ્રી પ્રદિપભાઇ પરમાર
(૪) શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ
(૫) શ્રી હિંમતસિંહ પટેલ
(૬) શ્રી વિવેક પટેલ
(૭) શ્રી કીરીટકુમાર પટેલ

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૯, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૯, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૪) મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૧૯નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી નૌશાદ સોલંકી
(૨) શ્રી અરવિંદકુમાર ગાં.પટેલ
(૩) ડો.સી.જે.ચાવડા
(૪) શ્રી રાઘવજીભાઇ પટેલ
(૫) શ્રી શીવાભાઇ ભુરીયા
(૬) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૭) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા
(૮) શ્રી બળદેવજી ઠાકોર
(૯) શ્રી સોમાભાઇ કોળી પટેલ
(૧૦) શ્રી પુંજાભાઇ વંશ
(૧૧) શ્રી પરેશ ધાનાણી(વિરોધપક્ષના નેતાશ્રી)

ચર્ચાનો જવાબ મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૭, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૭, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૧૧. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ વિધેયક ક્રમાંક–૧૬ અને વિધેયક ક્રમાંક–૨૫ એક સમાન વિષયના હોઇ એક પછી એક દાખલ કરી બન્નેની સાથે ચર્ચા કરવામાં આવશે તેમ સભાગૃહને જાણકારી આપી.

૧૨. **સરકારી વિધેયકો(ક્રમશઃ)**

(૫) માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૧૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૬) માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

૧૩. **પોઇન્ટ ઓફ ઓર્ડર**

**એક સાથે બે વિધેયક પર ચર્ચા ન કરવા બાબત.**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયા મુજબ એક પછી એક વિધેયક ચર્ચા માટે દાખલ કરી પસાર કરવા અંગે મુદ્દો ઉપસ્થિત કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ વિધેયક ક્રમાંક–૧૬ અને વિધેયક ક્રમાંક–૨૫ એક સરખા વિષયના હોવાથી બન્નેને એક પછી એક દાખલ કરી બન્ને પર એક સાથે સભાગૃહની ચર્ચા માટે મૂકવાની મેં માનનીય મંત્રીશ્રીને પરવાનગી આપેલ હોવાથી આપનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો રહેતો નથી તેમ જણાવ્યું.

૧૪. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિધેયક ક્રમાંક–૧૬ના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિધેયક ક્રમાંક–૨૫ના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને વિધેયક ક્રમાંક–૧૬ અને વિધેયક ક્રમાંક–૨૫ના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કરવાનું શરૂ કર્યું.

**વિરામ રાત્રીના ૨૨.૩૬ થી ૨૨.૫૧**

વિરામ બાદ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પોતાનું અધૂરું રહેલ વક્તવ્ય પૂર્ણ કર્યા બાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પંકજભાઇ દેસાઇ (મુખ્ય દંડકશ્રી)
(૨) શ્રી કીરીટકુમાર પટેલ
(૩) શ્રી મહેશકુમાર રાવલ
(૪) શ્રી પ્રેમસિંહભાઇ વસાવા
(૫) શ્રી શંભુજી ઠાકોર
(૬) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૭) શ્રી પ્રતાપ દૂધાત
(૮) શ્રી અમરીષભાઇ ડેર
(૯) શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ
(૧૦) શ્રી કાંતિભાઇ સોઢાપરમાર
(૧૧) શ્રી નૌશાદ સોલંકી(પ્રવચન અધૂરું)

૧૫. **પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન**

**રાત્રીના ૧૨.૦૦ વાગ્યા બાદ પણ સભાગૃહની કાર્યવાહી ચાલુ રહેવાના રેકોર્ડ બાબત**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ આજનો દિવસ એ ગુજરાતના સંસદીય ઇતિહાસમાં લખાવા જઇ રહ્યો છે. એક રેકોર્ડ તા.૬–૧–૧૯૯૩ના રોજ મળેલી બેઠક એ રાતના ૧૨.૦૮ કલાકે પૂરી થઇ હતી. જેમાં વિરામનો સમય બાદ કરતાં ૧૦ કલાક અને ૨૨ મિનિટ કુલ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આજે આપણે તા.૨૬–૭–૨૦૧૯ના રોજ એટલે ગઇ કાલે સવારે ૧૦.૦૦ વાગ્યે ચાલુ કરેલી બેઠક આજે તા.૨૭–૭–૨૦૧૯ અત્યારે ૧૨ કલાક અને ૦૧ મિનિટ થઇ છે. એટલે આવતા રાત્રીના ૧૨.૦૮ મિનિટે ૧૨ કલાક અને ૩૮ મિનિટની કાર્યવાહી પૂરી થશે. આપની અધ્યક્ષતામાં આ ગૃહમાં બધાએ ખૂબ સકારાત્મક ચર્ચાઓ કરી. આ બન્ને રેકોર્ડ આપના નેતૃત્વમાં થયા છે એટલે આખાએ સભાગૃહ વતી આપને અભિનંદન આપું છું. શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ આ બન્ને પ્રસંગના તેઓ સાક્ષી છે તેમ જણાવ્યું. માનનીય અધ્યક્ષશ્રીએ પણ આ યશ એમના એકલાનો નહીં પરંતુ આપણે બધા જ સર્વે સભ્યશ્રીઓ, તમામ અધિકારીઓ, પ્રેસના મિત્રો, તમામ કર્મચારીઓનો છે. સૌ સભ્યશ્રીઓએ પાટલીઓ થપથપાવી આ પ્રસંગની ઉજવણી કરી. (રાત્રીના ૧૨.૦૫)

૧૬. **સરકારી વિધેયકો(ક્રમશઃ)**

સભ્યશ્રી નૌશાદ સોલંકીએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન શરૂ કર્યું.

૧૭. **પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન**

**વિધાનસભાના ઇતિહાસમાં સભાગૃહની કાર્યવાહીના સૌથી લાંબી ચર્ચાના રેકોર્ડ બાબત.**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ રાત્રીના ૧૨.૦૮ વાગતાં જણાવ્યું કે, ગઇકાલે એટલે કે તા.૨૬–૭–૨૦૧૯ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યાથી શરૂ થયેલ સભાગૃહની કાર્યવાહી આજ તા.૨૭–૭–૨૦૧૯ના રોજ પણ ચાલી રહી છે. જે વિધાનસભાના ઇતિહાસમાં એક નવો કીર્તિમાન છે તેમ જણાવી અત્યારે સભાગૃહમાં ઉપસ્થિત માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, દરેક પક્ષના સભ્યશ્રીઓ, વિધાનસભાના અધિકારીઓ, સચિવાલયના અધિકારીઓ, પત્રકારો આ પ્રસંગના સાક્ષી બન્યા છે તે બદલ સૌને મારા પક્ષવતી ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું તેમ જણાવ્યું. માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને માનનીય અધ્યક્ષશ્રીએ પણ તેમની વાતમાં સૂર પૂરાવી સૌને અભિનંદન પાઠવ્યા ત્યારબાદ સભાગૃહમાં ઉપસ્થિત સૌ સભ્યશ્રીઓએ પાટલીઓ થપથપાવી આ પ્રસંગની ઉજવણી કરી.(રાત્રીના ૧૨.૦૮)

૧૮. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

સભ્યશ્રી નૌશાદ સોલંકીએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૨) શ્રી કિશોર ચૌહાણ

(૧૩) શ્રી નિરંજન પટેલ

ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ વિધેયક ક્રમાંક–૧૬ના પહેલા વાચન માટેનો પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ વિધેયક ક્રમાંક–૨૫ના પહેલા વાચનનો પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ વિધેયક ક્રમાંક–૧૬ના બીજા વાચન માટેનો પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

વિધેયક ક્રમાંક: ૧૬ની કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયક ક્રમાંક–૨૫ના બીજા વાચન માટેનો પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

વિધેયક ક્રમાંક: ૨૫ની કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયક ક્રમાંક–૧૬ના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયક ક્રમાંક–૨૫ના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૭) માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૯નું ધી ઇન્ડિયન ઇન્સ્ટિટયુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. અનિલભાઇ જોષીયારા

(૨) શ્રી બળદેવજી ઠાકોર

(૩) શ્રી કુબેરભાઇ ડીંડોર

(૪) શ્રી પુંજાભાઇ વંશ

ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૫, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૫, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૧૯. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**જીસ્વાન નેટવર્ક પર ગુજરાત વિધાનસભાની ઇ-વિધાન વેબ સાઇટ પર વિઝિટરના રેકોર્ડ બાબત**

જીસ્વાન નેટવર્ક પર ઇ-વિધાન વેબ સાઇટ પર ગુજરાત વિધાનસભાની સાઇટની એક દિવસમાં એક લાખ પાંચ હજાર વિઝિટર દ્વારા મુલાકાત લેવામાં આવેલ છે. જે ઇ-વિધાન વેબ સાઇટ પર ૪૦ જેટલા વિધાન મંડળો જોડાયેલા છે તેમના કરતાં વધુ વિઝિટરોની મૂલાકાતનો પણ આપણો આ રેકોર્ડ છે, તેવી માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

૨૦. **સરકારી વિધેયકો (ક્રમશઃ)**

(૮) મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૧૯નું ગુજરાત જમીન મહેસૂલ (દ્વિતિય સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૨) શ્રી પૂર્ણેશ મોદી
(૩) શ્રી સી.કે.રાઉલજી
(૪) શ્રી રાજેશભાઇ ગોહિલ
(૫) શ્રી બળદેવજી ઠાકોર
(૬) શ્રી પરેશ ધાનાણી(વિરોધપક્ષના નેતાશ્રી)
(૭) શ્રી પ્રતાપ દૂધાત

ચર્ચાનો જવાબ મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૯) માનનીય કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુએ, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૧૯નું ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૨) શ્રી પિયુષભાઇ દેસાઇ
(૩) શ્રી ઋત્વિકભાઇ મકવાણા

ચર્ચાનો જવાબ માનનીય કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુએ આપવાનું શરૂ કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાને ચર્ચામાં ભાગ લેવાની તક આપતાં તેમણે ચર્ચામાં ભાગ લીધો.

(૪) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા

ત્યારબાદ સભ્યશ્રીની બાબતે કૃષિ મંત્રીશ્રીએ હકારાત્મક પ્રતિભાવ આપ્યા બાદ ચર્ચાનો જવાબ આપ્યો.

વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨ થી ૬, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨ થી ૬, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૨૧. **છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)**

સભ્યશ્રી ડો. અનિલ જોષિયારાએ, ''આદિજાતિ વિકાસ વિભાગને આયોજન પંચ(નીતિ આયોગ)ની ભલામણ કરતાં ઓછું બજેટ ફાળવવા બાબત'' અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અભેસિંહ તડવી
(૨) શ્રી પ્રેમસિંહભાઇ વસાવા
(૩) શ્રી નરેશભાઇ પટેલ
(૪) શ્રી સુખરામભાઇ રાઠવા
(૫) શ્રી અશ્વિન કોટવાલ
(૬) શ્રી કુબેરભાઇ ડીંડોર

ચર્ચાનો જવાબ માનનીય વન મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ આપ્યો.

છેલ્લા દિવસના પ્રસ્તાવની ચર્ચા પૂરી થઇ.

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ સત્ર દરમિયાન મળેલા સહકાર બદલ માનનીય અધ્યક્ષશ્રીનો તેમજ સત્તાધારી પક્ષના અને વિરોધપક્ષના સર્વ સભ્યશ્રીઓનો આભાર માન્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ પણ સભાગૃહના સંચાલનમાં સત્તાધારી પક્ષ અને વિરોધપક્ષના સૌ સભ્યો તરફથી મળેલા સહકાર બદલ સભાગૃહનો આભાર વ્યકત કર્યો.

૨૨. **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલનો શુભેચ્છા સંદેશ**
**ચૌદમી વિધાનસભાના ચોથા ઐતિહાસિક સત્રને ગુજરાતના નાગરિકોને અર્પણ કરવા બાબત**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે ચૌદમી વિધાનસભાના ચોથા સત્રને ઐતિહાસિક બનાવવા બદલ માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતા, મંત્રીશ્રીઓ, વિધાનસભાના અધિકારીઓ તથા કર્મચારીઓ, સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓ, પત્રકારો તથા વિધાનસભાના બજેટ સત્ર સાથે જોડાયેલ તમામ અધિકારીઓ અને કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર માન્યો. જેમાં વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ સૂર પૂરાવ્યો અને માનનીય અધ્યક્ષશ્રીએ પણ વિધાનસભાગૃહના બજેટ સત્ર સાથે સંકળાયેલ તમામ અધિકારીઓ અને કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર માની આજના દિવસે રાત્રીના ૧૨.૦૦ વાગ્યા પછી પણ સભાગૃહની કાર્યવાહી ચાલવાની, સૌથી વધુ કલાકો એટલે કે તા.૨૬–૭–૨૦૧૯ના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યે શરૂ થયેલ બેઠક તા.૨૭–૭–૨૦૧૯ના વહેલી સવારના ૩.૪૦ વાગ્યા સુધી સભાગૃહની કાર્યવાહી ચાલુ રહેવાની અને જીસ્વાનની ઇ–વિધાન વેબ સાઇટ પર ગુજરાત વિધાનસભાની સાઇટની સૌથી વધુ એક લાખ પાંચ હજાર મુલાકાતીઓ દ્વારા મુલાકાત લેવાના રેકોર્ડને ગુજરાતના નાગરિકોને અર્પણ કરી પોતાનો સૂર પૂરાવ્યો.

૨૩. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો (નિયમ ૮૭ –ક)**

સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭ (ક) અન્વયે ૨૧૪ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકયા.

૨૪. **સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ તા.૨૭–૦૭–૨૦૧૯ને શનિવારના રોજ વહેલી સવારના ૩.૪૦ વાગ્યે વિધાનસભાના નિયમોના નિયમ– ૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખી.

ત્યારબાદ '' વંદેમાતરમ્'' રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવવામાં આવી.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૭મી જુલાઇ, ૨૦૧૯

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.